મેટ્રોની મોંકાણ: હજી સારોલીવાળો ક્ષતિગ્રસ્ત સ્પાન ઉતાર્યો નથી

સુરતીઓને ફરી ટ્રાફિકમાં ફસાવવાનો વારો આવી શકે છે

સુરત : મેટ્રો પ્રોજેક્ટના કોરિડોર-2 પર ભેંસાણથી સારોલી વચ્ચે એલિવેટેડ બ્રિજનું કામ ચાલી રહ્યું છે. ગત 30 જુલાઈના રોજ સારોલી નજીક સ્પાન મુકવાની કામગીરી રાતે 1 વાગ્યે કરવામાં આવી હતી અને તે ઓબ્ઝર્વેશનમાં હતી. આ દરમિયાન 12 કલાકમાં જ સ્પાનના બે ભાગ થઈ ગયા. બપોરે 1 વાગ્યે બનેલી આ ઘટનાને લીધે બ્રિજની નીચેથી પસાર થતા લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. તત્કાળ રસ્તો બંધ કરીને પાંચ દિવસ સુધી કામગીરી કરવામાં આવી હતી. ત્યારબાદ રસ્તો ખુલ્લો કરાયો હતો. આ પાંચ દિવસ દરમિયાન બ્રિજના સેગમેન્ટ બદલવાના નામે અને સ્પાનને ઉતારવાના નામે ચાર-ચાર વાયદાઓ કરવામાં આવ્યા હતા.

જોકે આજે પંદર દિવસ બાદ પણ આ બ્રિજના સ્પાનને પણ ઉતારવામાં આવ્યો નથી અને સ્પાનના સેગમેન્ટને પણ ઉતારવામાં આવ્યા નથી. 13 ઓગસ્ટના રોજ બેઠક કરીને આખા સ્પાનને ઉતારવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જો કે આ સ્પાન ક્યારે ઉતારાશે તે અંગે હજુ કોઈ નિર્ણય લેવાયો નથી. હવે જો આખો સ્પાન ઉતારવામાં આવશે તો ફરી આ રસ્તો બંધ કરવામાં આવે તેવી શક્યતાઓ છે. જેથી સુરતીઓએ ફરી ટ્રાફિકમાં ફસાવવાનો વારો આવી શકે છે.

ગરીબ હોય કે સરકારી કર્મચારી દેશદાઝ દરેકમાં ઠાંસી ઠાંસીને ભરેલી છે

■ આજે સમગ્ર દેશ આઝાદીનો મહોત્સવ ઉજવશે આ દેશ ભક્તિ તેમની શક્તિ પ્રમાણે દર્શાવે છે. સરકારી કર્મચારી એવા પોલીસે આ ઉત્સવની ઉજવણી માટે પરેડનું અંતિમ રિહર્સલ કરી રહ્યાં છે તો પોલીસના સેલ્ફી પોંઇન્ટને દેશના ધ્વજવેચીને બે પૈસા કમાતી મહિલા જોઇ રહી છે. તે જે રીતે પોલીસના સેલ્ફી પોંઇન્ટને નીહાળી રહી છે તે જોતા જ તેનો દેશ પ્રત્યેનો પ્રેમ કેટલો છે તે કહેવાની જરૂર નથી. **(તસવીર : હેમંત ડેરે)**

આપમાંથી ભાજપમાં આવેલાં મહિલા કોર્પોરેટરે 1 લાખની લાંચ માંગ્યાનો માજી મેયરનો આક્ષેપ

જર્જરિત મિલકત સામેની નોટિસ દફતરે કરાવવા કોર્પોરેટર ભત્રીજા વહુએ લાંચ માંગ્યાનો આક્ષેપ

સુરતઃ શહેરમાં હાલ વિવિધ ઝોનમાં જર્જરિત મિલકતો પર કાર્યવાહી કરવામાં આવી રહી છે. વિવિધ વિસ્તારોમાં આવેલી જર્જરિત ઈમારતોને નોટિસ આપી સીલ મારવામાં આવી રહી છે. ત્યારે વરાછામાં ફૂલપાડા વિસ્તારમાં રહેતા કોંગ્રેસ શાસન વખતના માજી મેયર ચીમન પટેલની મિલકત વર્ષો જૂની જર્જરિત હાલતમાં હોવાથી મનપા દ્વારા નોટિસ આપવામાં આવી છે. ત્યારે તેમની મિલકતને આપેલી નોટિસ દફ્તરે કરાવવા માટે કોર્પોરેટર નીરાલી પટેલ દ્વારા એક લાખની લાંચ માંગી હોવાના આક્ષેપ તેઓ દ્વારા કરાયા છે.

મારા કાકા સસરા ચીમન પટેલ મિલકત સંબંધી કોર્ટ કેસ ચાલતો હોવાથી ખોટા આક્ષેપ કરે છે: નિરાલી પટેલ

નિરાલી પટેલે જણાવ્યું કે, ચીમનલાલ પટેલ મારા કાકા સસરા થાય છે. મારી રાજકીય કારકિર્દી ખરાબ કરવા માટે તેઓ આ પ્રકારના વાહિયાત નિવેદનો આપી રહ્યાં છે. જે સંપત્તિની વાત કરી રહ્યા છે, તે અમારી વડીલોપાર્જીત મિલકત છે. તેમના એકલાની નથી અને વડિલોપાર્જિત મિલકત સંબંધી કોર્ટમાં કેસ ચાલી રહ્યો હોવાને કારણે તેમણે આ પ્રકારના તદ્દન ખોટા આક્ષેપ કર્યા છે.

માજી મેયરે કેમેરા સામે વિડીયો રેકોર્ડ કરી આક્ષેપ કર્યા છે કે, કોર્પોરેટર દ્વારા એક લાખ રૂપિયાની માંગણી કરવામાં આવી છે. એક લાખ રૂપિયા આપો તો અરજી દફ્તરે કરાવી દઉં. મારે અધિકારીને પૈસા આપવા પડે તેવી વાત કરી હતી. જેથી માજી મેયર ચીમન પટેલ વરાછા ઝોન ઓફિસ પર પહોંચ્યા હતા અને તેઓએ મનપાના અધિકારીઓ અને કોર્પોરેટર નિરાલી પટેલ સામે ગંભીર આક્ષેપ કર્યા હતા. માજી મેયરે કેમેરા સામે જણાવ્યું હતું કે, મારા મકાન માટે મનપાએ નોટિસ આપી છે. તેના માટે ઝોનલ ઓફિસરને ફોન કરું છું. પરંતુ તેઓ ફોન રિસીવ કરતા નથી અને કોર્પોરેટર નિરાલી પટેલે તેમને એવું કહ્યું હતું કે, એક લાખ રૂપિયા આપો તો અરજી દફ્તરે કરાવી દઉં.

પંડોળ ખાતે રહેતા યુવકનો ફાંસો ખાઇ આપઘાત

સુરતઃ પંડોળ ખાતે રહેતા યુવકે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. પોલીસે મૃતકનું પોસ્ટમોર્ટમ કરાવી એડી નોંધી તપાસ શરૂ કરી હતી.

મૂળ બિહારના વતની 18 વર્ષીય મનીષ પરમા યાદવ હાલ વેડરોડ પંડોળ ખાતે આવેલા રહેમતનગરમાં પિતરાઈ ભાઈઓ સાથે રહેતો હતો. તે એમ્બ્રોઇડરીના ખાતામાં નોકરી કરીને વતનમાં રહેતા પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. મંગળવારે રાત્રે 9 વાગ્યાના અરસામાં તેએ ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. બનાવને પગલે ચોકબજાર પોલીસે અકસ્માત મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મીની બજારમાં બે ટપોરીઓ વહેલી સવારે 80,000ના હીરા લૂંટી પલાયન

એકની ધરપકડ મોડી રાત્રિએ થઇ

સુરત : વરાછા મીની બજારમાં સો જેટલા ચાલુ ડાયમંડ યુનિટોની વચ્ચે વીસ થી પચ્ચીસ વર્ષના બે ટપોરીઓએ ઘૂસીને લૂંટ કરી હતી. તેમાં આ લોકોએ ઠાકોર દ્વાર સોસાયટીમાં ઘૂસીને થોરપી મશીનના યુનિટમાં ઘૂસીને લૂંટ ચલાવી હતી. તેમાં બે કારીગરોના ગળા પર ચાકૂ મૂકીને તમામ કાચા હીરા લઈને આ લૂંટારૂઓ ચાલ્યા ગયા હતા. આ લૂંટ બાદ કારીગરોએ બૂમો પાડતા આસપાસના લોકો એકત્રિત થઈ ગયા હતા . દરમિયાન 80,000ની હીરા અને બે મોબાઈલની લૂંટની ફરિયાદ વરાછા પોલીસે દાખલ કરી છે. તેમાં ઠાકોર દ્વાર સોસાયટીમાં જે યુનિટમાં ચોરી થઈ તેનો દરવાજો ખુલ્લો હતો. પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે. જ્યારે બીજો આરોપી તે માલ લઈને ફરાર થઈ ગયો હોવાની વિગત જાણવા મળી છે. પકડાયેલા આરોપીએ કબૂલાત કરી છે કે તેઓ છેલ્લાં સપ્તાહથી આ યુનિટની રેકી કરી રહ્યાં હતા. તેમાં તેઓને તક મળતાં જ તેઓએ આ લૂંટ કરી હતી. આ લૂંટારૂઓને લાખ્ખો રૂપિયાના હીરા હોવાની બાતમી હતી પરંતુ તેમાં 80000ના હીરા જ નીકળ્યા હતા.વરાછા પીઆઈ ગાબાણીએ જણાવ્યું હતું કે તેઓ બીજા લૂંટારૂને પણ ગણતરીના કલાકોમાં પકડી પાડશે. હાલમાં તેઓની ટીમ દ્વારા સઘન તપાસ કરવામાં આવી રહી છે.

અલથાણના બિલ્ડર સાથે 1.45 કરોડની છેતરપિંડીના બે આરોપીની જામીનઅરજી નામંજૂર

સુરતઃ અલથાણના બિલ્ડર સાથે 1.45 કરોડની છેતરપિંડીના બે આરોપીની જામીનઅરજી કોર્ટે નામંજૂર કરી હતી. અલથાણના બિલ્ડર કિનાદત્ત દુબેએ અંકલેશ્વરમાં જમીન ખરીદી હતી. ત્યાર બાદ આરોપીઓએ તે જમીન અન્ય પાર્ટીને વેચાણ કરી દીધી હતી. આથી ફરિયાદીએ તેના 1.45 કરોડ રૂપિયા માંગતાં આરોપીઓએ તે રૂપિયા આપ્યા ન હતા. ફરિયાદીએ અલથાણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી કયુમ રસુલ શેખ અને યુસુફ અહમદ બાંગીની ધરપકડ કરી હતી. બંને આરોપીએ જામીન પર મુક્ત થવા માટે કોર્ટમાં અરજી કરી હતી. મૂળ ફરિયાદી તરફે એડ્વોકેટ અશ્વિન જોગડિયાએ આરોપીની જામીનઅરજીનો વિરોધ કર્યો હતો. કોર્ટે બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ આરોપીઓની જામીનઅરજી નામંજૂર કરી હતી.

સચિનમાં યુવકની તેના જ ઘરમાં હત્યા કરાયેલી લાશ મળી આવી

પોલીસે સીસીટીવીના આધારે તપાસ હાથ ધરી

સુરતઃ સચીનનાં શિલાલેખ ફ્લેટમાં પોતાના જ ઘરમાં યુવકને માથાનાં ભાગે માર મારી મોતને ઘાટ ઉતારી દેવાયો હતો. હત્યા કોણે કરી તે હજુ અકબંધ છે. સચીન પોલીસ હત્યાનો ભેદ જલદી ઉકલી જશે તેમ જણાવ્યું હતું.

શીલાલેખ ફ્લેટમાં રહેતો રવિન્દ્ર કુમાર સંતોષ ભદાણે(ઉ.38, જે મૂળ રહે., મહારાષ્ટ્ર) કાપડ મશીનમાં બીમ ભરવાનું મજૂરી કામ કરે છે. રવિન્દ્રના લગ્ન 12 વર્ષ પહેલાં નેહા સાથે થયા હતા. લગ્ન દરમ્યાન તેને એક પુત્ર છે. ઘણાં સમયથી પતિનાં ત્રાસથી નેહા તેના પુત્ર સાથે પિયરમાં રહેવા ચાલી ગઈ હતી. ગઇ 13મીની સવારે રોજ રવિન્દ્રનાં સગા ભાઈ સચીન પારડીમાં રહેતા સંભાજીને રવિન્દ્રનાં પાડોશી રંજુબેનનો ફોન આવ્યો હતો કે તમારા ભાઈના ફ્લેટમાંથી ખરાબ વાસ આવે છે. સંભાજી નજીક રહેતા હોવાથી ત્વરિત શિલાલેખ ખાતે પહોંચ્યા હતા. જ્યાં તેમના ભાઈના ફ્લેટમાંથી ખરાબ વાસ આવતી હતી અને ફ્લેટનો દરવાજો ખુલ્લો હોવાથી સંભાજી ફ્લેટમાં ગયા હતા. જ્યાં બેડરૂમમાં રવિન્દ્ર મૃત હાલતમાં જોવા મળ્યો હતો. સંભાજીએ પોલીસને ઘટનાની જાણ કરતા સચીન પોલીસ ઘટના સ્થળે આવી ગઈ હતી. પોલીસે ડેડ બોડી પીએમ માટે નવી સિવિલ લઈ ગયા હતા ત્યાં હાજર ડોકટરો પીએમ કરતા રવિન્દ્રની માથાનાં ભાગે માર મારવાથી હત્યા થઈ હોવાનું જાણવા મળ્યું હતું. જેથી સચીન પોલીસે અજાણ્યા વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધ્યો હતો. પોલીસે હત્યાનો ભેદ ઉકેલવા ચક્રો ગતિમાન કર્યા છે.

સમિતિની શાળામાં ગેરહાજર શિક્ષકનું રજા ફોર્મ બારોબાર ભરાઇ ગયું

હવે શિક્ષકોની હાજરીમાં પણ ગેરરીતિ

સુરત : નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સહિત રાજ્યની અનેક સરકારી શાળાઓમાં શિક્ષકોની લાંબા સમયની ગેરહાજરીનો વિવાદ ચાલી રહ્યો છે તેની વચ્ચે સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં શિક્ષકોની ભૂતિયા હાજરીનું કૌભાંડ બહાર આવ્યું છે. સમિતિની અઠવાલાઇન્સની એક શાળામાં શિક્ષક ગેરહાજર અને તેમની ગેરહાજરીમાં અન્ય શિક્ષકે રજાનું ફોર્મ ભરી સહી પણ કરી દીધી. એટલું જ નહીં પરંતુ એક શિક્ષકની રજાના ત્રણ અલગ-અલગ કારણ દર્શાવતા આ મોટું કૌભાંડ ચાલી રહ્યું હોવાની ચર્ચા પણ શરૂ થઈ ગઈ છે.

સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં અઠવાલાઇન્સ વિસ્તારમાં આવેલી શાળા ક્રમાંક 6 શ્રી વિશ્વેશ્વરૈયા શાળા તરીકે ઓળખાઈ છે. આ શાળામાં વિનોદ ટીંગલે નામના શિક્ષક છે. સવારની પાળીમાં આ શિક્ષક ગેરહાજર હતા તેમ છતાં તેમની ગેરહાજરી પુરાઈ ન હતી અને તેમના નામે અન્ય શિક્ષકે અડધી રજાનું ફોર્મ ભરી દીધું હતું. અન્ય શિક્ષકોની હાજરી સવારે જ પુરી દેવામાં આવી હતી. જ્યારે આ શિક્ષકોની હાજરી 11 વાગ્યે પુરાશે તેવો પોકળ ખુલાસો આચાર્ય દ્વારા કરવામાં આવ્યો હતો.

અગત્યની વાત એ છે કે આ શિક્ષકની રજાના એક નહીં પરંતુ ત્રણ અલગ-અલગ કારણ બહાર આવ્યા છે. તેના કારણે મોટું કૌભાંડ ચાલી રહ્યું હોવાની શક્યતા નકારી શકાતી નથી. રજાની મંજુરી માટે ફોર્મ ભરાયું તેમાં ધાર્મિક કારણ લખેલું હતું જ્યારે બીજી તરફ મરણનું કારણ હોવાનું આચાર્યએ જણાવ્યું હતું. જો કોઈ સંબંધીનું રાત્રે મરણ થયું હોય તો આગલા દિવસે રજાના ફોર્મ કઈ રીતે ભરી શકાય? તે પ્રશ્ન ઊભો થયો હતો. જોકે, અન્ય એક શિક્ષકે તેમનું રજાનું ફોર્મ ભરીને તેમની સહી પણ કરી દીધું હોવાનું બહાર આવ્યું છે. તેના કારણે શિક્ષકોની હાજરી મુદ્દે મોટું કૌભાંડ ચાલી રહ્યું હોવાની શંકા વ્યક્ત થઈ રહી છે.

ઉપવાસમાં ખવાતા લોટ અને મીઠાઈ લેતાં પહેલા સાવચેતી રાખજો

ફરાળી લોટનું 1 અને દૂધના માવાનાં 3 સેમ્પલ ફેઈલ

કાંસકીવાડની વનમાળીદાસ ભગવાનજી, હરિપુરાની જૈન માવા ભંડાર, કોટસફીલ રોડની નંદકિશોર માવાવાલા અને ભાગળના ઓમબંસી માવા ભંડારનો લોટ વાંધાજનક હતો

સુરત : સોમવારથી શરૂ થયેલાં પવિત્ર શ્રાવણ માસના પ્રારંભ સાથે જ ભોળાનાથની ભક્તિની સાથે સાથે મોટી સંખ્યામાં લોકો આખો મહિનો ઉપવાસ કરતાં હોય છે. જેને પગલે ફરાળી લોટનાં વેચાણમાં ઉછાળો આવતો હોય છે. અને મીઠાઈનું વેચાણ પણ વધુ થાય છે. આ સ્થિતિને ધ્યાને રાખીને આરોગ્ય વિભાગ દ્વારા નાગરિકોના સ્વાસ્થ્યને ધ્યાન રાખીને શહેરનાં ભાગળ, અઠવા અને અડાજણ સહિતના તમામ વિસ્તારોમાં ફરાળી લોટના સેમ્પલો લેવામાં આવ્યા હતા અને દુધના તથા માવાના સેમ્પલો લઈ લેબમાં ટેસ્ટીંગ માટે મોકલવામાં આવ્યા હતા. જેમાં ફરાળી લોટનો 1 અને દુધના માવાના 3 એમ કુલ 4 સેમ્પલો ફેઈલ ગયા છે, જેથી મનપા દ્વારા આ સંસ્થાઓ સામે કાર્યવાહી કરાશે અને આ 4 સંસ્થાઓ જેમાં કાંસકીવાડની વનમાળીદાસ ભગવાનજી, હરીપુરાનું જૈન માવા ભંડાર, કોટસફીલ રોડની નંદકિશોર માવાવાલા અને ભાગળ પરનું ઓમબંસી માવા ભંડાર સામે કાર્યવાહી કરાશે અને આ સંસ્થાઓમાંથી ફરાળી લોટ અને દુધના માવાનો આશરે 240 કિલો જથ્થો નાશ કરાયો હતો.

મનપાના ફુડ વિભાગના જણાવ્યા અનુસાર, ફરાળી લોટના ધારાધોરણ પ્રમાણે સ્ટાન્ડર્ડ ઓછા હતા. જેમાં મોઈશ્ચરનું પ્રમાણ 12 ટકા હોવું જોઈએ જે સેમ્પલમાં વધુ હતું અને પ્રોટીનની માત્રા ઓછામાં ઓછી 9 ટકા હોવી જોઈએ જે સેમ્પલમાં ઓછી જણાઈ હતી. તેમજ દુધના માવાના સેમ્પલમાં મીલ્ક ફેટ ઓછા ઓછું 30 ટકા હોવું જોઈએ જે સેમ્પલમાં ઓછું હતું.

શહેરની પ્રખ્યાત મીઠાઈની દુકાનો અને ડેરીઓમાંથી મનપાએ સેમ્પલ્સ લીધાં

તહેવારોની સિઝન શરૂ થતાં જ હવે શહેરમાં મીઠાઈઓનું ધૂમ વેચાણ થશે ત્યારે સુરત મનપાનું ફૂડ વિભાગ પણ એક્ટિવ થઈ ગયું છે. આગામી 19મી ઓગસ્ટે રક્ષાબંધન છે અને ત્યારબાદ 26 મીએ જન્માષ્ટમી સાથે જ હાલ શ્રાવણ માસ પણ ચાલતો હોય, મીઠાઈઓનું વેચાણ પૂરજોશમાં થઈ રહ્યું છે. મીઠાઈના વેચાણને લઈ મનપાના ફૂડ વિભાગે વિવિધ સ્થળેથી માવાના સેમ્પલો લેવાનું શરૂ કર્યું છે. ફૂડ વિભાગે થોડા દિવસ પહેલાં ફરાળી લોટના, માવાના સેમ્પલ લીધા હતા. અને હવે મનપાના ફૂડ વિભાગ દ્વારા કુલ 11 સંસ્થાઓમાંથી મીઠાઈના કુલ 22 નમુનાઓ લેવામાં આવ્યા હતા અને લેબમાં ટેસ્ટીંગ માટે મોકલવામાં આવ્યા છે.

કઈ કઈ સંસ્થાઓમાંથી નમૂના લેવાયા

1. ભટાર રોડની આગ્રા સ્વીટ એન્ડ નમકીન
2. અંબાજી રોડની નિપુન ધનસુખલાલ (H.U.F)
3. ગુજરાત ગેસ સર્કલની મેસર્સ વિજય ડેરી પ્રોડક્ટ્સ
4. વાડી ફળિયાની મેસર્સ મોતી હરજી મીઠાઈવાલા
5. ઘોડ દોડ રોડની શિવ શક્તિ મીઠાઈ એન્ડ સ્નેક્સ
6. સુમુલ ડેરી રોડની સુરત તાપી ડિસ્ટ્રિક્ટ મિલ્ક પ્રોડ્યુસર્સ યુનિયન લિમિટેડ (સુમુલ ડેરી)
7. અંબાજી રોડની ચોર્યાસી તાલુકા દૂધ વેચાણ કરનારી સહકારી મંડળી લિમિટેડ
8. ભાગળ બરાનપુરીની મેસર્સ શાંતાબેન ઠાકોરભાઈ હલવાવાળા (ઠાકોરની મીઠાઈ)
9. નાનપુરાની મુદ્દિતાની મીઠાઈઓ
10. કૈલાસ રેસ્ટોરન્ટ
11. વિજય ડેરી, રામશા ટાવર, અડાજણ પાટિયા

કતારગામ ઝોનમાં ડિમોલિશન અને રિઝર્વેશન પ્લોટનો કબજો મેળવવા ઝુંબેશ

સુરતઃ મનપાના કતારગામ ઝોન દ્વારા જુદી-જુદી જગ્યાએ ગેરકાયદે બાંધકામ સામે કાર્યવાહી કરી તોડી પાડવામાં આવ્યાં હતાં. મનપાની યાદીમાં જણાવ્યા મુજબ ફા. ટી.પી. સ્કીમ નં.1 લાલ દરવાજાના ફાઈનલ પ્લોટ નં.૯, સબ પ્લોટ નં.૪૩૫/એ. અંજીરિયા વાડીમાં ૪૦૫.ચો. ફૂટનું ગેરકાયદે બાંધકામ તોડી પડાયું હતું. તેમજ ૫૦,૦૦૦ રૂપિયા ડિમોલિશન ચાર્જ પેટે અને ૧૦,૦૦૦ સિક્યોરિટી ડિપોઝિટ પેટે, જ્યારે સી.ડી. વેસ્ટ પેટે રકમ રૂ.૫,૦૦૦ મળી કુલ રકમ રૂ.૭૫,૦૦૦ વસૂલવામાં આવ્યા હતા તેમજ કતારગામ વિસ્તારમાં જુદી-જુદી ટી.પી. સ્કીમોમાં અનામત રાખેલા પ્લોટના પ્રત્યક્ષ કબજા લઈ કમ્પાઉન્ડ દીવાલ બનાવવાની ઝુંબેશ રૂપે જગ્યાનો પ્રત્યક્ષ કબજો મેળવવામાં આવ્યો હતો.

સંક્ષિપ્ત સમાચાર

મેરિકો નિષ્ણાત ડો. શિલ્પા વોરા ચોમાસામાં વાળમાં તેલ લગાડવાના ફાયદા જણાવશે

નવી દિલ્હી : ચોમાસું એ આગ દઝાડતી ગરમીમાં એક તાજગી આપે છે, ત્યારે હવામાં ભેજનું વધતાં પ્રમાણથી માથાની ચામડી તૈલી અને ચીકાશવાળી થઈ જાય છે, જેના લીધે વાળ વધુ પડતા ખરવા લાગે છેઅને તે વાળને શુષ્ક, નિસ્તેજ અને ફ્રિઝી બનાવે છે. ચોમાસાની સિઝનમાં વાળની કાળજી રાખવાના મહત્વનેસમજાવતા મેરિકો લિમિટેડના, ડો. શિલ્પા વોરા, ચીફ રિસર્ચ અને ડેવલોપમેન્ટ ઓફિસર કહે છે, "ચોમાસામાં તમારાવાળમાં થતા નુક્શાનથી બચવા માટે નિયમિત રીતે તેલ લગાવવું જરૂરી છે, સારા પરિણામ માટે પેરાશુટ એડવાન્સ્ડગોલ્ડ હેર ઓઇલનો ઉપયોગ કરવો જોઈએ,જે એક નાળિયેલ આધારીત તેલ છે અને તે 10 લેયર્સ સુધી ઊંડું ઉતરીનેતમારા વાળને સુંદર બનાવવા માટે વધુ સારું પોષણ આપે છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા પૂર્વે યોજાતી સ્પર્ધાઓનો આવતીકાલથી પ્રારંભ થશે

સુરતઃ પ્રતિ વર્ષ યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા પૂર્વે યોજાતી સ્પર્ધાઓની આવતીકાલથી શરૂઆત થશે. પર્યુષણ પર્વ સ્પર્ધાઓ આવતીકાલે તા.16મી ઓગસ્ટ, શુક્રવારનાં સાંજે 6.30 કલાકથી શરૂ થશે. જે પાંચ સ્પર્ધાઓ વીસ વિભાગમાં, સાત દિવસ, તા. 22 મી સુધી ચાલશે. તેજ દિવસે રાત્રીથી, આઠ દિવસ પાંચમી વ્યાખ્યાનમાળા શરુ થશે. સતત છેલ્લા ત્રીસ વર્ષથી યોજાતી ધ સુપર સ્પીકર એન્ડ ક્લચરલ કોન્ટેસ્ટનાં આયોજકો વિરમતીબેન ફકીરચંદ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ પ્રેરિત-પુરસ્કૃત અને બેટર લાઈફ ફાઉન્ડેશન- ભદ્રેશ શાહ દ્વારા, તમામને માટે ખુલ્લી આ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જે સુરત જૈન યુવક મંડળનાં ઉપક્રમે અને સંચાલન દ્વારા કરવામાં આવે છે. જેમાં સમગ્ર વિશ્વભરનાં, યુરોપ, અમેરિકા, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, એશિયા વિગેરે દેશોમાંથી જૈન-અજૈન તમામ સ્પર્ધકો ભાગ લે છે.

સુરતમાં પ્રથમવાર ગુજરાત સ્ટેટ ઓપન રેન્કિંગ બિલિયર્ડ્સ અને સ્નૂકર ટુર્નામેન્ટનો આજથી પ્રારંભ

સુરતઃ સુરતમાં પ્રથમવાર સિટી જીમખાના પીપલોદ ખાતે ગુજરાત સ્ટેટ ઓપન રેન્કિંગ બિલિયર્ડ્સ અને સ્નૂકર ટુર્નામેન્ટ રમાશે. સુરત ડિસ્ટ્રિક્ટ બિલિયર્ડ્સ એન્ડ સ્નૂકર એસોસિએશન (એસડીબીએસએ) અને ગુજરાત સ્ટેટ બિલિયર્ડ્સ એસોસિએશનના નેજા હેઠળ આયોજિત આ ટુર્નામેન્ટ શહેર અને તેના રમતપ્રેમીઓ માટે ગૌરવની ક્ષણ છે. સુરત સિટી જીમખાનાના પ્રમુખ અરવિંદ ઇનામદાર અને સેક્રેટરી કિશન મહેરા, ટુર્નામેન્ટ કો-ઓર્ડિનેટર અને એસડીબીએસએના પ્રમુખ વિરાજ ઠક્કર અને કોચ તુષાર સહાયે પત્રકાર પરિષદને સંબોધતાં જણાવ્યું હતું કે, ટુર્નામેન્ટમાં નવસારી, બારડોલી, વ્યારા, વાપી, દમણ, વલસાડ, વાંસદા, અંકલેશ્વર, ભરૂચ, કોસંબા, ઓલપાડ, ચીખલી અને ધરમપુરના સ્પર્ધકો સહિત દક્ષિણ ગુજરાતના 150થી વધુ ખેલાડી ભાગ લેશે.

વનિતા વિશ્રામ વિમેન્સમાં 'પોસ્ટર મેકિંગ કોમ્પિટિશન' નું આયોજન

સુરત : વનિતા વિશ્રામ વિમેન્સ યુનિવર્સિટીની એન્ટીરેગિંગ કમિટી અને એન્ટી સેક્સ્યુઅલ હેરેસમેન્ટ કમિટી દ્વારા નેશનલ એન્ટીરેગિંગ વીક ની ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થીનીઓમાં રહેલ સર્જનાત્મક કૌશલ્યને વિકસિત કરવા તથા પોસ્ટરના માધ્યમથી વિદ્યાર્થીનીઓમાં તથા સમાજમાં જાગૃતિ લાવવાના પ્રયાસરૂપે તારીખ 14 ઓગસ્ટ 2024 ના રોજ 'પોસ્ટર મેકિંગ કોમ્પિટિશન' નું આયોજન કરવામાં આવ્યું હતું. એન્ટીરેગિંગ કમિટીના કન્વીનર ડોક્ટર રુચિકા અગરવાલની પ્રેરણાથી કો-ઓર્ડીનેટર્સ ડોક્ટર બોસ્કી સુરતવાલા તથા ડોક્ટર રૂચી જરીવાલા એ કર્યું હતું.

શિક્ષણ સમિતિની શાળાના વિદ્યાર્થીઓ માટે ચિત્રકામ સ્પર્ધાનું આયોજન કરાયું

સુરત : પ્રીત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓના બાળકોની પ્રતિભા ખીલે , એમની સુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય અને એમને પ્રોત્સાહન મળે એ હેતુથી ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રીમતી ભારતીબેન વશી દ્વારા અઠવા ઝોનની તમામ 26 શાળાઓના વિદ્યાર્થીઓ માટે વક્તૃત્વ અને ચિત્રકામ સ્પર્ધા યોજવામાં આવી હતી. બંને સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીને પ્રીત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સાયકલનું આકર્ષક ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. બંને સ્પર્ધામાં બે થી પાંચ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીને ઇનામ તરીકે Titan ની ઘડિયાળ આપવામાં આવી હતી. તેમજ સ્પર્ધામાં ભાગ લીધેલા તમામ વિદ્યાર્થીઓને આકર્ષક ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા 16 થી 31 ઓગસ્ટ નામ, અટક, જાતિ સહિતના સુધારા માટેનો કેમ્પ

સુરતઃ જિલ્લા શિક્ષણાધિકારીએ એક યાદી જાહેર કરી જણાવ્યું છે કે, આગામી 16 થી 31 ઓગસ્ટ સુધી નામ, અટક, જાતિ, જન્મ તારીખ, જન્મ સ્થળ, પિતાના નામમાં સુધારો અને ફેરફાર માટે કેમ્પનું આયોજન કર્યું છે. જેમાં આચાર્યોએ વિદ્યાર્થીઓના જરૂરી પુરાવ સાથે હાજર રહેવા કહેવાયું છે. નામ, અટક, જાતિ અને જન્મ તારીખ સુધારા કે ફેરફારમાં વિદ્યાર્થીનું જન્મ પ્રમાણપત્ર પ્રમાણિત કરી ફરજિયાત લાવવાનું રહેશે. તેમજ કેમ્પનો કાર્યક્રમ વેબસાઇટ પર મૂકાયો છે. જેથી સ્કૂલોએ જોઇ લેવાનો રહેશે.

જનમંગળ કલ્યાણ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન

સુરત : જન મંગલ કલ્યાણ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ગોડાદરાની સનરાઇઝ વિદ્યાલયમાં ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જુદી જુદી જાણીતી હોસ્પિટલના તબીબો દ્વારા 1100 લોકોનું ચેકઅપર કરવામાં આવ્યું હતું. આંખની તપાસનો લાભ સૌથી વધુ લોકોએ લીધો હતો. કાર્યક્રમને પૂર્વ કોર્પોરેટર યજુવેન્દ્ર દુબે, અવધેશ મિશ્રા અને સંદીપ મિશ્રાએ સફળ બનાવ્યો હતો.